<u>૨૦૦૪નો ૧૦૭-સી મો ખરડો</u>

# માહિતી અધિકાર ખરડો, ૨૦૦૫

૧. **ખરડો:** જાહેર સત્તાધિકારીના નિયંત્રણ હેઠળ નાગરિકો માટે માહિતી મેળવવાનું ચોક્કસ કરવા અંગે માહિતી મેળવવાના અધિકારની વ્યવહારુ વ્યવસ્થા સ્થાપિત કરવા માટે આયોજન કે જેથી દરેક જાહેર સત્તાધિકારીની કામગીરીમાં પારદર્શકતા અને જવાબદારી વધારી શકાય, કેન્દ્રિય માહિતી પંચ અને રાજ્ય માહિતી પંચ અને તેની સાથે સંકળાયેલી બાબતો કે આનુષંગિક બાબતોના બંધારણ અંગે.

જ્યારે ભારતના બંધારણથી લોકશાહી પ્રજાસત્તાકની સ્થાપના કરવામાં આવી છે અને જ્યારે લોકશાહીમાં માહિતગાર નાગરિક અને તેના કાર્યોની અમલવારી માટે અગત્યની હોય તેવી માહિતીમાં પારદર્શિતા તેમજ ભ્રાષ્ટાચાર અટકાવવા અને સરકાર અને તેની સંસ્થાઓના શાસનને જવાબદાર ઠેરવવા જરૂરી છે.

અને જ્યારે ખરેખર વ્યવહારમાં માહિતીનું ખુલ્લું કરવું તેથી અન્ય જાહેર હિતો તેમાં પણ સરકારના કાર્યદક્ષો કાર્યો સહિતના મર્યાદિત નાણાંકીય સંસાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગુપ્તતા જાળવી રાખવા અંગેના અન્ય જાહેર હિતો સાથે સંઘર્ષમાં આવે તેમ હોય;

અને જ્યારે આ વિરોધાભાસી હિતોને લોકશાહી આદર્શની શ્રેષ્ઠતા જાળવીને એકજૂથ કરવા જરૂરી હોય; અને તેથી કેટલાક નાગરિકો જેઓ તે મેળવવા ઈચ્છતા હોય તેમને કેટલીક માહિતી પૂરી પાડવા અંગે જોગવાઈ કરવી તત્કાલ જરૂરી લાગે છે.

અને આમ, ભારતીય પ્રજાસત્તાકના ૫૬માં વર્ષમાં સંસદ આ કાયદો ઘડે છે.

## <u>પ્રકરણ-૧</u>

### <u>પ્રારંભિક</u>

૧. (૧) આ અધિનિયમને માહિતીના અધિકાર ખરડો-૨૦૦૫ તરીકે ઓળખાશે.

(૨) તે જમ્મુ અને કાશ્મિર રાજ્ય સિવાયના સમગ્ર ભારતને આવરી લેશે.

(૩) કલમ-૪ની પેટા કલમ-૧, કલમ-૫ની પેટા કલમ-૧(૨), કલમ-૧૨, ૧૩, ૧૫,૨૪, ૨૭ અને ૨૮ની જોગવાઈઓ તત્કાલ અમલમાં આવશે અને આ અધિનિયમની બાકીની જોગવાઈઓ આ અધિનિયમના ઘડાયાના ૧૨૦માં દિવસથી લાગુ પડશે.

૨. **વ્યાખ્યાઓ:** આ અધિનિયમમાં સિવાય કે સંદર્ભમાં અન્યથા જરૂરી હોય

(એ) ‘‘એપ્રોપ્રીએટ ગવર્મેન્ટ (સમુચિત સરકાર)’’ એટલે કે જાહેર સત્તાધિકારી કે જેની સ્થાપના, રચના, માલિકી નિયંત્રણ કે મહ્દ અંશે નાણાં સીધી કે આડકતરી રીતે ભંડોળથી,-

- કેન્દ્ર સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટી તંત્ર દ્વારા
- રાજ્ય સરકાર દ્વારા પૂરાં પાડવામાં આવતા હોય તે સંસ્થા

(બી) ‘‘સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશન (કેન્દ્રિય માહિતી પંચ)’’ એટલે કે કલમ-૧૨ની પેટા કલમ-૧ હેઠળ રચાયેલ કેન્દ્રિય માહિતી પંચ.

(સી) ‘‘કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી’’ એટલે કે પેટા કલમ-૧ હેઠળ નિમાયેલ કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી તરીકે નિમાયેલા અને કલમ-૫ની પેટા કલમ-૨ હેઠળ નિમાયેલા કેન્દ્રિય સહાયક જાહેર માહિતી અધિકારીનો સમાવેશ થાય છે.

(ડી) ‘‘મુખ્ય માહિતી પંચ’’ અને ‘‘માહિતી કમિશનર’’ એટલે કે કલમ-૧૨ની પેટા કલમ-૩ હેઠળ નિયુક્ત મુખ્ય માહિતી પંચ અને માહિતી પંચ.

(ઈ) ‘‘કોમ્પીટન્ટ ઓથોરીટી (સક્ષમ સત્તાધિકારી)’’ એટલે કે,-

- લોકસભા કે રાજ્યની વિધાનસભા કે કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભાના અધ્યક્ષ અને રાજ્યની વિધાન પરિષદના રાજ્ય પરિષદના પ્રમુખ.
- સર્વોચ્ચ અદાલતના કિસ્સામાં ભારતના મુખ્ય ન્યાયાધિશ.

c/o જનપથ : બી-૩ સહજાનંદ ટાવર, વેજલપુર રોડ, જીવરાજપાર્ક, અમદાવાદ - ૩૮૦ ૦૫૧
ફોન : (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩, ફેક્સ : ૨૬૮૨ ૦૭૧૯ Email : janpath1ad1@wilnetonline.net, janpath1ad1@sancharnet.in

- વડી અદાલતના કિસ્સામાં વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ.
- બંધારણ હેઠળ ઘડાયેલ કે સ્થાપિત જાહેર સત્તાધિકારીઓના કિસ્સામાં રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ જે બંધબેસતું હોય તે.
- બંધારણના અનુચ્છેદ-૨૩૯ હેઠળ નિયુક્ત વહીવટદાર

(એફ) ''માહિતી'' એટલે કોઈપણ સ્વરૂપે કોઈપણ વસ્તુ કે જેમાં દફતર, દસ્તાવેજ, આવેદનપત્રો, ઈ-મેઈલ, મંતવ્યો, સલાહો, અખબારી યાદીઓ, પરિપત્રો, હુકમો, લોગબુક, કરાર, અહેવાલ, કાગળો, નમૂનાઓ, નિદર્શનો, ઈલેક્ટ્રોનીક સ્વરૂપે સંગ્રહાયેલ માહિતી અને કોઈપણ ખાનગી સંસ્થા સંબંધી માહિતી કે જે મેળવવા જાહેર સત્તાધિકારીને સંદર્ભિત સમયે અમલમાં હોય તેવા કાનુનો હેઠળ મેળવવા અધિકૃતતા હોય.

(જી) ''પ્રિસ્ક્રાઈડ'' એટલે કે સમુચિત સરકાર કે સક્ષમ સત્તાધિકારી જે બંધબેસતું હોય તે મુજબ આ અધિનિયમ હેઠળ બનાવેલ નિયમો અંતર્ગત નિર્દેશિત.

(એચ) જાહેર સત્તાધિકારી : એટલે કે કોઈપણ સત્તાધિકારી કે સંસ્થાન કે સ્વયંસં ચાલિત સંસ્થાન સ્થાપિત કે ઘડાયેલ......

એ. બંધારણ દ્વારા કે બંધારણ હેઠળ

બી. સંશોધન દ્વારા ઘડેલ અન્ય કોઈ કાનુન દ્વારા

સી. રાજ્ય વિધાનસભા દ્વારા ઘડેલ અન્ય કોઈ કાનુન દ્વારા સમુચિત સરકાર દ્વારા કરવામાં આવેલ હુકમમોથી કે બહાર પાડવામાં આવેલ જાહેરનામાનથી નીચેનાનો સમાવેશ થાય છે.

સમુચિત સરકર દ્વારા સીધી કે આડકતરી રીતે,-

- માલિકી, નિયંત્રિત કે મહ્દ અંશે નાણાં ભંડોળ દ્વારા,
- મહત્તમ રીતે નાણાંકીય સહાયવાળી બીન સરકારી સંસ્થાઓ.

(આઈ) (રેકર્ડ):

- કોઈપણ દસ્તાવેજ, કાચી નોંધ અને ફાઈલ.
- કોઈપણ દસ્તાવેજનું સૂક્ષ્મ ચિત્ર, માઈક્રો ફીચ અને હસ્તપ્રતની નકલ.
- આવા સૂક્ષ્મ ચિત્રમાં સમાવિષ્ટ કરેલ અસર કે અસરોનું પુનઃ ઉત્પાદન (વિકસાવેલી હોય કે ન હોય) અને કોમ્પ્યુટર કે અન્ય યંત્ર દ્વારા ઉત્પાદિત અન્ય તમામ બાબતો.

(જે) ''માહિતીનો અધિકાર'' એટલે આ અનિયમ હેઠળ માહિતી મેળવવાનો અધિકાર કે જે કોઈપણ જાહેર સત્તાધિકારી હસ્તક કે તેના નિયંત્રણ હેઠળ હોય અને તેમાં,-

- ચકાસણી કાર્યો, દસ્તાવેજો અને દફતર
- નોંધ કરવી, ઉતારા લેવા કે દસ્તાવેજ કે દફતરની પ્રમાણિત નકલ લેવી.
- વસ્તુ અંગેના પ્રમાણિત નમૂનાઓ લેવા.
- ડીસ્કેટ્સ, ફ્લોપી, ટેપ, વિડીયો કેસેટ કે અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક રીતે કે જ્યાં આવી માહિતી કોમ્પ્યુટરમાં કે અન્ય સાધનમાં સંગ્રહાયેલી હોય તેમાંથી માહિતી મેળવવા અંગેનો સમાવેશ થાય છે.

(કે) ''રાજ્ય માહિતી પંચ'' એટલે કે કલમ-૧૫ની પેટા કલમ-૧ હેઠળ ભરવામાં આવેલ રાજ્ય માહિતી પંચ.

(એલ) ''રાજ્ય મુખ્ય માહિતી પંચ'' અને ''રાજ્ય માહિતી પંચ'' એટલે કલમ-૧૫ની પેટા કલમ-૩ હેઠળ નિયુક્ત રાજ્ય મુખ્ય માહિતી પંચ અને રાજ્ય માહિતી પંચ.

(એમ) ''રાજ્ય જાહેર માહિતી અધિકારી'' એટલે કલમ-૫ની પેટા કલમ-૧ હેઠળ નિયુક્ત રાજ્ય જાહેર માહિતી અધિકારી અને તેમાં પેટા કલમ-૨ હેઠળ નિયુક્ત રાજ્ય સહાયક જાહેર માહિતી અધિકારીનો સમાવેશ થાય છે.

(એન) ''ત્રાહિત પક્ષ'' એટલે કે નાગરિક સિવાયની વ્યક્તિ કે જે માહિતી માટે વિનંતી કરતી હોય અને તેમાં જાહેર સત્તાધિકારીનો સમાવેશ થાય છે.

## <u>પ્રકરણ-૨</u>
## માહિતીનો અધિકાર અને જાહેર સત્તાધિકારીની ફરજો

૩. **આ અધિનિયમની જોગવાઈને આધિન, દરેક નાગરિકને માહિતી મેળવવાનો અધિકાર રહેશે.**

૪. (૧) દરેક જાહેર સત્તાધિકારી

(એ) તેના તમામ દફતરો યોગ્ય રીતે કેટલોગ કરીને અને આ અધિનિયમ હેઠળ માહિતીના અધિકારને સુગમતાપૂર્ણ બનાવીને એવું ચોક્કસ કરશે કે તમામ રેકોર્ડો કે જેનું કોમ્પ્યુટરાઈઝેશન કરવું જરૂરી હોય તે સંસાધનોની ઉપલબ્ધિને આધિન વાજબી સમયમાં કોમ્પ્યુટરાઈઝ્ડ કરશે અને અલગ અલગ પદ્ધતિએથી સમગ્ર દેશમાં વ્યાપ્ત નેટવર્ક સાથે સાંકળશે કે જેથી આવી માહિતી પ્રાપ્ત કરવાનું સરળતાપૂર્ણ બને.

(બી) આ અધિનિયમની રચનાના ૧૨૦ દિવસમાં પ્રકાશિત કરશે.

- તેની સંસ્થાના કાર્યો અને ફરજોની વિગતો.
- તેના અધિકારીઓ અને કર્મચારીઓના અધિકારો અને ફરજો.
- નિરીક્ષણ અને જવાબદારી અંગેની નીતિ રીતિ સહિતની નિર્ણય કરવાની પ્રક્રિયામાં અનુસરવાની પ્રક્રિયા.
- તેના કાર્યોની અમલવારી માટે તેના દ્વારા નક્કી કરવામાં આવેલ ધોરણો.
- નિયમો, સૂચનાઓ, માર્ગદર્શકો અને દસ્તાવેજ કે જે તેના દ્વારા કે તેના નિયંત્રણ હેઠળ તેના કર્મચારીઓ દ્વારા તેના કાર્યોની અમલવારી માટે ઉપયોગમાં લેવાતા હોય.
- તેના દ્વારા કે તેના નિયંત્રણ હેઠળ રાખવામાં આવતા દસ્તાવેજોની કક્ષા અંગેનું નિવેદન.
- જાહેર જનતાના સભ્યો સાથે નીતિ ઘડવા કે તેની અમલવારી માટે પરામર્શ અંગે હયાત કોઈ વ્યવસ્થાને લગતી વિગતો.
- નિગમ, સમિતિઓ અને બે કે બેથી વધુ વ્યક્તિઓની બનેલી સંસ્થાઓ કે જેની રચના તેના ભાગરૂપ કે સલાહ અંગે અને આવી તે નિગમો, સમિતિઓ અને અન્ય સંસ્થાઓની બેઠકો કે આવી બેઠકોની કાર્યવાહી નોંધ જાહેર જનતાને પ્રાપ્ય છે કે કેમ તે અંગેનું નિવેદન.
- તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી.
- તેના દરેક અધિકારી અને કર્મચારી દ્વારા મેળવવામાં આવતા માસિક વળતરની વિગત અને તેના નિયમો હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ વળતરની પદ્ધતિ સહિતની માહિતી.
- દરેક આયોજનોની માહિતી દર્શાવી દરેક સંસ્થાને ફાળવેલ અંદાજની વિગત, ફાળવવામાં આવેલ રકમ સંદર્ભે સૂચિત ખર્ચાઓ અને અહેવાલોની વિગત.
- રાહતીક કાર્યક્રમોની અમલવારીની રીત, આવી યોજનામાં ફાળવેલ રકમ અને આવા દરેક પ્રોગ્રામના લાભાર્થીઓની વિગત સહિતની વિગત.
- રાહત મેળવનારાઓની વિગત અને તેમના દ્વારા અપાયેલ પરવાના કે અધિકૃતકરણની વિગત.
- ઈલેક્ટ્રોનિક સ્વરૂપે તૈયાર કરેલ તેને ઉપલબ્ધ અને તેના દ્વારા સંગ્રહિત માહિતી સંદર્ભમાં વિગતો.
- માહિતી મેળવવા માટે, પુસ્તકાલય કે વાચનાલય જો જાહેર ઉપયોગ માટે ચલાવવામાં આવતા હોય તો તેના કામના કલાકો સહિતની ઉપલબ્ધ સુવિધા સહિતની માહિતી.
- જાહે ર માહિતી અધિકારીના નામ, હોદ્દા અને અન્ય માહિતી.
- નિર્દિષ્ટ કરવામાં આવે એવી અન્ય કોઈ માહિતી.

અને ત્યારબાદ આ પ્રકાશનો દર વર્ષે તાજા કરો.

(સી) જાહેર જનતાને અસર કરતા નિર્ણયોની ઘોષણા કરતા કે અગત્યની નીતિઓ ઘડતી વખતે તમામ સંબંધિત હકીકતો પ્રકાશિત કરો.

(ડી) તેના વહીવટીય કે સેમી ન્યાયકીય નિર્ણયો અંગેના કારણો અસર કરતા વ્યક્તિઓને પૂરાં પાડો.

(૨) જાહેર જનતાને માહિતી મેળવવા અંગે આ અધિનિયમની જોગવાઈઓનો ઓછામાં ઓછો આશરો લેવો પડે તે માટે સંદેશ વ્યવહારના ઈન્ટરનેટ સહિતના વિવિધ સાધનો દ્વારા નિયમિત અંતરે આપોઆપ પેટા

કલમ-૧ની જોગવાઈ (બી) મુજબ જાહેર જનતાને સતત રીતે માહિતી પૂરી પાડવાની દરેક જાહેર સત્તાધિકારીની ફરજ રહેશે.

(૩) પેટા કલમ-(૧)ના હેતુસર દરેક માહિતી વિસ્તૃત રીતે અને એવા સ્વરૂપે અને રીતે કે જે જાહેર જનતાને સરળતાપૂર્વક ઉપલબ્ધ થઈ શકે તે રીતે પ્રચાર કે પ્રસાર કરવાની રહેશે.

(૪) તમામ વિગતો, ખર્ચ, અસરકારકતા, સ્થાનિક ભાષા અને સંબંધિત સ્થાનિક વિસ્તારમાં સંદેશાવ્યવહરની અત્યંત અસરકારક પદ્ધતિને ધ્યાનમાં લઈને પ્રદર્શિત કરવાની રહેશે અને જાહેર કેન્દ્રિય માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે મુજબ હોય તે તેમની પાસે ઈલેક્ટ્રોનિક સ્વરૂપે સરળતાપૂર્વક ઉપલબ્ધ થઈ શકે તે માટે વિના મૂલ્યે કે એવા દરેક કે જેથી નિર્દિષ્ટ કરવામાં આવેલ પડતર કિંમત કે માધ્યમ કે છપામણી ખર્ચ મળી જાય તે રીતે પ્રદર્શિત કરવાની રહેશે.

**ખુલાસોઃ** પેટા કલમ-(૩) અને (૪)ના હેતુસર પ્રચાર કે પ્રસાર એટલે કે જાહેર જનતાને સૂચનાપત્ર, અખબાર, જાહેર ઘોષણા, રેડીયો, ઈન્ટરનેટ અને જાહેર સત્તાધિકારી દ્વારા કચેરીના નિરીક્ષણ દ્વારા માહિતીથી માહિતગાર કરવાનો થાય છે.

૫. (૧) આ અધિનિયમની રચનાના ૧૨૦ દિવસમાં દરેક જાહેર સત્તાધિકારી કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે બંધબેસતું હોય તે મુજબ તેના તાબા હેઠળના તમામ વહીવટીય એકમો કે કચેરીઓમાં આ અધિનિયમ હેઠળ માહિતીની માંગણી કરતા અરજદારોને માહિતી પૂરી પાડવા જરૂરી હોય તેટલા અધિકારીઓની નિમણૂંક કરશે.

(૨) પેટા કલમ-૧ની જોગવાઈની પૂર્વગ્રહિત કર્યા સિવાય દરેક જાહેર સત્તાધિકારી આ અધિનિયમની રચનાના ૧૨૦ દિવસમાં દરેક પેટા વિભાગીય સ્તરે કે અન્ય પેટા જિલ્લા સ્તરે અધિકારીને કેન્દ્રિય સહાયક માહિતી અધિકારી કે રાજ્ય સહાયક માહિતી અધિકારી તરીકે માહિતી માંગતી અરજીઓ સ્વીકારવા કે આ અધિનિયમ હેઠળની અપીલો કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી કે કલમ-૧૯ની પેટા કલમ-(૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા ઉચ્ચ અધિકારી કે કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તેને મોકલી આપવા માટે નિમણૂંક કરશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે જ્યાં માહિતી માટે અરજી કે અપીલ અરજી કેન્દ્રિય સહાયક જાહેર માહિતી અધિકારી કે રાજ્ય સહાયક જાહેર માહિતી અધિકારી કે બંધબેસતું હોય તેને આપવામાં આવી હોય તે કિસ્સામાં કલમ-૭ની પેટા કલમ-૧ હેઠળ પ્રત્યાઘાત માટેનો સમયગાળો ગણવા માટે પાંચ દિવસનો ઉમેરો કરવામાં આવશે.

(૩) દરેક કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે બંધબેસતું હોય તે માહિતીની માંગણી કરતી વ્યક્તિઓની અરજી અંગે નિર્ણય લેશે અને આવી માહિતી માંગતી વ્યક્તિને વાજબી સહાય પૂરી પાડશે.

(૪) કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે બંધબેસતું હોય તેને કે તેણીને, તેના કાર્યો અને ફરજોની યોગ્ય બજવણી માટે જરૂરી લાગે તેવા અન્ય કોઈ અધિકારીની સહાય માંગી શકશે.

(૫) કોઈ અધિકારી કે જેની મદદ પેટા કલમ-(૪) હેઠળ માંગવામાં આવી હોય તે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે બંધબેસતું હોય તેની કે તેણીની સહાય માંગતી વ્યક્તિને પૂરેપૂરી સહાય પૂરી પાડશે અને આ અધિનિયમની કોઈપણ જોગવાઈના ભંગ અંગે આવો અન્ય અધિકારી કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી રાજ્ય જાહેર માહિતી અધિકારી જે બંધબેસતું હોય તે ગણાશે.

૬. (૧) કોઈ વ્યક્તિ કે જે આ અધિનિયમ હેઠળ કોઈ માહિતી મેળવવા ઈચ્છતી હોય તે લેખિતમાં કે ઈલેક્ટ્રોનિક સ્વરૂપે અંગ્રેજી કે હિન્દી કે સંબંધિત વિસ્તારની માન્ય ભાષામાં કે જ્યાં અરજી કરવામાં આવી રહી છે તે નિર્દિષ્ટ કરવામાં આવેલી ફી સાથે અરજીને કરશે.

(એ) સંબંધિત જાહેર સત્તાધિકારીના કિસ્સામાં કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી.

(બી) જે યોગ્ય હોય તે મુજબ કેન્દ્રિય સહાયક જાહેર માહિતી અધિકારી કે રાજ્ય સહાયક જાહેર માહિતી અધિકારી તેના દ્વારા કે / તેણી દ્વારા માંગવામાં આવેલ માહિતીની વિગતો સાથે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જ્યાં આવી અરજીઓ લેખિતમાં આપી શકાય તેમ ન હોય, ત્યાં કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે સ્થિત હોય તે તમામ વાજબી સહાય અરજ કરતા વ્યક્તિએ મૌખિક રીતે કરેલ અરજી લેખિતમાં નોંધવા પૂરી પાડશે.

(૨) માહિતી માટે અરજી કરતી વ્યક્તિએ માહિતી માંગવા અંગેના કોઈ કારણો કે તેને સંપર્ક કરવા માટે જરૂરી હોય તેવી માહિતી સિવાયના કોઈપણ કારણો આપવાના રહેશે નહિ.

(૩) જ્યારે કોઈ અરજી માહિતી માંગતી વિનંતી સાથે જાહેર સત્તાધિકારીને કરવામાં આવી હોય ત્યારે,-

- જો તે અન્ય જાહેર સત્તાધિકારી હસ્તક હોય કે,
- માહિતીનો મુખ્ય સ્તોત્ર ખૂબ જ નજદીકીથી અન્ય જાહેર સત્તાધિકારીના કાર્યથી સંકળાયેલ હોય

જાહેર સત્તાધિકારી કે જેની પાસે અરજી કરવામાં આવી હોય તે અરજી કે તેનો કોઈ ભાગ અન્ય જાહેર સત્તાધિકારીને તબદીલ કરશે અને અરજદારને તત્કાલ આવી તબદીલી અંગેની માહિતી આપશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે આ પેટા કલમ હેઠળ અરજીની તબદીલી વ્યવહારુ રીતે શક્ય હોય તેટલી ઝડપથી કરવામાં આવશે. પરંતુ કોઈપણ કિસ્સામાં અરજી મળ્યાના ૧૫ દિવસથી મોડું કરવામાં આવશે નહિ.

૭. (૧) કલમ-૫ની પેટા કલમ-૨ના અનુબંધની જોગવાઈને આધિન કે કલમ-૬ની પેટા કલમ-૩ના અનુબંધની જોગવાઈને આધિન કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે કલમ-૬ હેઠળ અરજી મળતા શક્ય હોય તેટલી ઝડપે અને કોઈપણ કિસ્સામાં અરજી મળ્યાના ૩૦ દિવસમાં નિર્દિષ્ટ કર્યા મુજબની ફી ચુકવી માંગવામાં આવેલ માહિતી પૂરી પાડશે અથવા તો કલમ-૮ અને ૯થી નિર્દિષ્ટ કોઈપણ કારણો સબબના કારણોસર અરજી રદ કરશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જ્યાં માંગવામાં આવેલ માહિતી વ્યક્તિની સ્વતંત્રતા કે જીવન સંબંધી હોય તે અરજી મળ્યાના ૪૮ કલાકમાં પૂરી પાડવામાં આવશે.

(૨) જો કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે સ્થિત હોય તે પેટા કલમ-૧ હેઠળ નિર્દિષ્ટ સમય મર્યાદામાં માહિતી અંગેની અરજી કરવામાં નિષ્ફળ જાય, કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી, કિસ્સા પ્રમાણે એ અરજી નકારી છે તેવું ગણાશે.

(૩) જ્યારે નિર્ણય, કોઈ વધુ ફી કે જે માહિતી પૂરી પાડવાના ખર્ચનું પ્રતિનિધિત્વ કરતી હોય તે ચુકવતા માહિતી પૂરી પાડવાનો નિર્ણય લેવાયો હોય, કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે, અરજદાર વ્યક્તિને ખબર મોકલશે અને તેમાં જણાવશે

(એ) તેના દ્વારા નક્કી કરેલ માહિતી આપવાના નિર્ણય મુજબ માહિતી પૂરી પાડવા માટે જરૂરી ફીની વિગત, પેટા કલમ-૧ અંતર્ગત નિર્દેશિત ફી કઈ રીતે નક્કી કરવામાં આવી તેની ગણતરી સાથેની વિગતો પૂરી પાડશે અને આવી માહિતી મોકલવાનો અને ફી ચુકવ્યાના દિવસો બાદ કરીને પેટા કલમમાં નિર્દિષ્ટ ૩૦ દિવસનો સમય નક્કી કરશે.

(બી) તેના અગર તો તેણીના વસુલ કરવામાં આવેલ ફીની રકમના નિર્ણયની પુનઃ વિચારણા સંબંધમાં કે પૂરું પાડવામાં આવેલ ઉપલબ્ધિના સ્વરૂપ અંગે, અપીલ સત્તાધિકારી, સમય મર્યાદા, પ્રક્રિયા અને અન્ય સ્વરૂપોની માહિતી સાથે પૂરી પાડશે.

(૪) જ્યારે આ અધિનિયમ હેઠળ દફતર કે તેના કોઈ ભાગ અંગે માહિતી પૂરી પાડવાની થાય અને જેને માહિતી પૂરી પાડવાની છે તે ગંભીર રીતે અપંગ હોય, કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે યોગ્ય હોય તે માહિતી ઉપલબ્ધ થવા માટે તેમજ ચકાસણી માટે જરૂરી હોય તેવી યોગ્ય સહાય કરવા માટે સહાય પૂરી પાડશે.

(૫) જ્યારે માહિતી છાપેલા કે અન્ય ઈલેક્ટ્રોનિક સ્વરૂપે ઉપલબ્ધ કરાવવાની હોય, અરજદાર પેટા કલમ-૬ની જોગવાઈને આધિન નિર્દિષ્ટ કરવામાં આવેલી રકમ ફી તરીકે ચુકવશે.

‘‘એવી જોગવાઈ કરવામાં આવે છે કે કલમ-૬ની પેટા કલમ-૧ અને કલમ-૭ની પેટા કલમ-(૧ અને ૫) હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલ ફી વાજબી રહેશે અને એવા લોકો કે જેઓ સમુચિત સરકાર દ્વારા નક્કી કરવામાં આવે એ રીતે ગરીબી રેખા નીચેના સ્તરે હોય તેવી વ્યક્તિઓ પાસેથી ફી વસુલ કરવામાં આવશે નહિ.’’

(૬) પેટા કલમ-(૫) ગમે તે મજકુર કર્યું હોય, માહિતી માટે વિનંતી કરનાર વ્યક્તિને વિના મૂલ્યે માહિતી પૂરી પાડવામાં આવશે. જ્યારે પેટા કલમ-(૧)થી નિર્દિષ્ટ સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં જાહેર સત્તાધિકારી નિષ્ફળ જાય.

(૭) પેટા કલમ-(૧) હેઠળ કોઈપણ નિર્ણય લેતા પહેલા કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે કલમ-૧૧ હેઠળ ત્રાહિત પક્ષ દ્વારા કરવામાં આવેલ નિવેદનને ધ્યાનમાં લેશે.

(૮) જ્યારે પેટા કલમ-(૧) હેઠળ અરજી નકારવામાં આવી હોય, કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે અરજદારને આ નિર્ણયની જાણ કરશે.

- આવી નકરામણીના કારણો.
- નકરામણી સામે અપીલ અંગેનો સમયગાળો.
- એપેલેટ સત્તાધિકારીને લગતી વિગતો.

(૯) માહિતી સામાન્ય રીતે તે જે સ્વરૂપે માંગવામાં આવી હોય તેજ રીતે પૂરી પાડવામાં આવશે. સિવાય કે તે અપ્રમાણસર રીતે જાહેર સત્તાધિકારીના સંસાધનો બદલતી હોય કે સંબંધિત માહિતીની જાળવણી કે સલામતી સંદર્ભમાં નુકસાનકારક હોય.

૮. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકુર કર્યું હોય, કોઈપણ નાગરિકને માહિતી પૂરી પાડવાની ફરજ રહેશે નહિ.

(એ) માહિતી કે જેને ખુલ્લી કરવાથી ભારતની સાર્વભોમતા અને અખંડતાને અવળી અસર થાય તેમ હોય, રાજ્યના સંરક્ષણ, નીતિ વિષયક, વૈજ્ઞાનિક કે આર્થિક હિતને અવળી અસર પહોંચે તેમ હોય વિદેશી રાજ્ય સાથેના સંબંધોને અસર પહોંચે તેમ હોય કે ગુનાહિત કૃત્ય બનતું (ઈનીક્ટમેન્ટ) હોય.

(બી) કોઈપણ કાયદાની અદાલત કે પંચ દ્વારા સ્પષ્ટ રીતે પ્રતિબંધિત કરવામાં આવેલ માહિતી કે જેને જાહેર કરવાથી અદાલતના હુકમનો અનાદર થતો હોય.

(સી) માહિતી કે જેની જાહેરાતથી સંસદ કે રાજ્ય વિધાનસભાના વિશેષાધિકારનો ભંગ થતો હોય.

(ડી) વાણિજીક રહસ્યો, વેપારી રહસ્યો કે ઈન્ટલેક્ચુઅલ પ્રોપર્ટી સહિતની માહિતી કે જેની જાહેરાતથી ત્રાહિત પક્ષની સ્પર્ધાત્મક સ્થિતિને નુકસાનરૂપ હોય. સિવાય કે સક્ષમ સત્તાધિકારીને સંતોષ થાય કે આવી માહિતીની જાહેરાત બહોળા જાહેર હિતમાં છે.

(ઈ) વ્યક્તિ પાસે તેના ફીડુશીયરી સંબંધોને કારણે ઉપલબ્ધ માહિતી સિવાય કે સક્ષમ સત્તાધિકારીને એવો સંતોષ થાય કે આવી માહિતીની જાહેરાત બહોળા જાહેર હિતમાં છે.

(એફ) વિદેશી સરકાર તરફથી ગુપ્તતાપૂર્ણ રીતે મળેલ માહિતી.

(જી) માહિતી કે જેની જાહેરાતથી કોઈ વ્યક્તિની શારીરિક સલામતી કે જીવન જોખમમાં મુકાય કે માહિતીનો સ્તોત્ર ઓળખાય કે ગુપ્તતાપૂર્ણ રીતે આપવામાં આવેલ મદદ જે કાયદાની અમલવારી સંદર્ભમાં આપવામાં આવેલ હોય કે સંરક્ષણ હેતુસર નિષેધ હોય.

(એચ) માહિતી કે જે તપાસ કે આરોપીઓ સામે કામ ચલાવવામાં અંતરાયરૂપ (ઈમ્પીડ) પુરવાર થાય તેમ હોય.

(આઈ) મંત્રી મંડળના કાગળો જેમાં મંત્રી મંડળના મંત્રીઓ, સચિવો અને અન્ય અધિકારીઓ વચ્ચેની ચર્ચાઓ નોંધેલ હોય તે સહિતની.

સિવાય કે મંત્રી મંડળના નિર્ણયો, તે અંગેના કારણો અને જે આધારે નિર્ણય લેવામાં આવેલ હોય તે બાબતો નિર્ણય લેવાઈ જાય પછી અને વાત સંપૂર્ણપણે પૂરી થઈ જાય પછી જાહેર કરવાના રહેશે.

વધુમાં જોગવાઈ કરવામાં આવે છે કે, એવી બાબતો કે જે આ કલમમાં મુક્તિ મથાળા હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે જે જાહેર કરવામાં આવશે નહિ.

(જે) માહિતી કે જે વ્યક્તિગત માહિતી સંબંધમાં હોય કે જેનું જાહેર કરવાને અન્ય જાહેર પ્રવૃત્તિ કે હિત સંબંધ હોય કે તે વ્યક્તિના ગુપ્તતાના અધિકારમાં બીન જરૂરી તરાપ હોય. સિવાય કે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી કે અપીલ સત્તાધિકારી જે હોય તેને સંતોષ થાય કે આવી માહિતીની જાહેરાત બહોળા જાહેર હિતમાં જરૂરી છે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે માહિતી કે જેની નકરામણી સંસદ કે રાજ્ય વિધાનસભાને થઈ શકે નહિ તે કોઈપણ વ્યક્તિને નકારવામાં આવશે નહિ.

(૨) ઓફિશીયલ સીક્રેટ એક્ટ: ૧૯૨૩માં ગમે તે મજકુર કર્યું હોય કે પેટા કલમ-૧ મુજબ અન્ય કોઈ મુક્તિઓની દરખાસ્તો ગ્રાહ્ય રાખી શકાય તેમ ન હોય, જાહેર સત્તાધિકારી, જો માહિતી ખુલ્લી કરવાથી લક્ષિત હિતોને થનાર નુકસાની સામે જાહેર હિત મેદાન મારી જતું હોય તો...

c/o જનપથ : બી-૩ સહજાનંદ ટાવર, વેજલપુર રોડ, જીવરાજપાર્ક, અમદાવાદ - ૩૮૦ ૦૫૧
ફોન : (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩, ફેક્સ : ૨૬૮૨ ૦૭૧૯ Email : janpath1ad1@wilnetonline.net, janpath1ad1@sancharnet.in

(૩) પેટા કલમ-(૧)ની જોગવાઈઓ (એ), (સી) અને (આઈ)ની જોગવાઈને આધિન કોઈપણ બનાવને લગતી કોઈપણ માહિતી કે જે બની હોય અને જે કલમ-૬ હેઠળ અરજી કર્યાના ૨૦ વર્ષ પહેલા બની હોય તે કલમ હેઠળ વિનંતી કરવાથી કોઈપણ વ્યક્તિને પૂરી પાડવામાં આવશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જ્યાં ૨૦ વર્ષનો સમયગાળો કઈ તારીખથી નક્કી કરવો તે મુદ્દો ઉપસ્થિત થાય ત્યાં નિયમિત અપીલ કે જેની જોગવાઈ આ અધિનિયમ હેઠળ કરવામાં આવી છે તેને આધિન કેન્દ્ર સરકારનો નિર્ણય અંતિમ ગણાશે.

૯. કલમ-૮ની જોગવાઈઓને પૂર્વગ્રહિત કર્યા સિવાય કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે, જો માંગવામાં આવેલ માહિતી રાજ્ય સિવાયના અન્ય વ્યક્તિના કોપીરાઈટના અધિકાર ઉપર તરાપ મારતી હોય તો તેવી અરજી નકારી શકશે.

૧૦. (૧) જ્યારે માહિતી ઉપલબ્ધ કરવાની અરજી એવા આધારે કે તે જે માહિતી માંગવામાં આવી છે તે જાહેરાતમાંથી મુક્ત છે તે નકારવામાં આવી હોય ત્યારે આ અધિનિયમમાં ગમે તે મજકુર કર્યું હોય તેમ છતાં આ અધિનિયમ હેઠળ જાહેર કરવાથી જે માહિતીને મુક્તિ આપવામાં આવી હોય તે માહિતીનો ભાગ અંગેની માહિતી પૂરી પાડવામાં આવશે અને તે મુક્ત માહિતી ધરાવતા કોઈપણ ભાગમાંથી આપી શકાશે.

(૨) જ્યારે પેટા કલમ-(૧) હેઠળ આંશિક દફતર ઉપલબ્ધ બનાવવાની મંજૂરી આપવામાં આવી હોય, કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે અરજદારને એવી માહિતી આપતી નોટિસ આપશે કે,-

(એ) વિનંતી કરવામાં આવેલ દફતરમાંથી અમુક ભાગ જે માહિતી જાહેર કરવા ઉપર મુક્તિ આપી છે તેજ પુરી પાડવામાં આવે છે.

(બી) નિર્ણયના કારણો, હકીકતના કોઈપણ સવાલની બાબતો અંગેના તારણો જે બાબતો/દસ્તાવેજ ઉપર આધારિત હોય તે સહિતના.

(સી) નિર્ણય આપનાર વ્યક્તિનું નામ અને હોદ્દો.

(ડી) તેના દ્વારા કે તેણી દ્વારા નક્કી કરવામાં આવેલ ફીની વિગત અને ફીની રકમ કે જે અરજદારએ જમા કરવાની છે.

(ઈ) આંશિક માહિતી જાહેર ન કરવાના, વસુલવામાં આવેલ ફી સંબંધે કે પૂરી પાડવામાં આવેલ માહિતી સંબંધે, કલમ-૧૯ની પેટા કલમ-(૧) હેઠળ નિર્દિષ્ટ ઉચ્ચ અધિકારીની વિગતો સહિત કે કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે હોય તે, સમય મર્યાદા પ્રક્રિયા અને ઉપલબ્ધિ અંગેના અન્ય સ્વરૂપો સંબંધમાં તેના કે તેણીના અધિકારો અંગેની માહિતી.

૧૧. (૧) જ્યારે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે આ અધિનિયમ હેઠળ મળેલ અરજીને આધારે કોઈ માહિતી કે દસ્તાવેજ કે તેનો કોઈ ભાગ, જે ત્રાહિત પક્ષ દ્વારા આપવામાં આવેલી હોય કે તેના સંબંધી હોય અને જાહેર કરવા ઈચ્છતા હોય તો કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે અરજી મળ્યાના પાંચ દિવસમાં આવા ત્રાહિત પક્ષકારને અરજી બાબતની લેખિત નોટીસ મોકલશે અને જણાવશે કે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે માહિતી કે દસ્તાવેજ કે તેનો કોઈ ભાગ જાહેર કરવા માંગે છે અને તે ત્રાહિત પક્ષકારને લેખિતમાં કે મૌખિક રીતે, માહિતી ખુલ્લી કરવી જોઈએ કે કેમ તે અંગે રજૂઆત કરવા નિમંત્રણ આપશે અને આવા ત્રાહિત પક્ષકારની રજૂઆત માહિતી જાહેર કરવા અંગે નિર્ણય લેતી વખતે ધ્યાનમાં લેવામાં આવશે.

આથી જોગવાઈ કરવામાં આવે છે કે, કાયદાથી રક્ષિત વેપારી કે વાણિજીક રહસ્યોના કિસ્સા સિવાય માહિતી જાહેર કરવા અંગે માન્યતા આપવામાં આવશે. જો માહિતી જાહેર કરવામાં જાહેર હિત કોઈ શક્ય નુકસાની કે ક્ષતિ આવી ત્રાહિત પક્ષકારને જે થનાર હોય તેના પ્રમાણમાં વધુ મહત્વનું હોય.

(૨) જ્યાં કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે દ્વારા પેટા કલમ-(૧) હેઠળ ત્રાહિત પક્ષકારને કોઈ માહિતી દસ્તાવેજ કે તેના કોઈ ભાગ સંબંધમાં નોટિસ બજાવવામાં આવી હોય, ત્રાહિત પક્ષકાર, આવી નોટિસ મળ્યાની તારીખથી ૧૦ દિવસની અંદર સૂચિત જાહેરાત સામે રજૂઆત કરવાની તક આપવાની રહેશે.

(૩) કલમ-૭માં ગમે તે મજકુર કર્યું હોય કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે કલમ-૬ હેઠળ અરજી મળ્યાના ૪૦ દિવસમાં પેટા કલમ-(૨) હેઠળ ત્રાહિત પક્ષકારને રજૂઆત કરવાની તક આપવામાં આવી હોય તો માહિતી કે દસ્તાવેજ કે તેનો કોઈ ભાગ જાહેર કરવો કે કેમ તે અંગે નિર્ણય લેશે અને ત્રાહિત પક્ષકારને તેના નિર્ણય અંગેની લેખિતમાં જાણ કરશે.

(૪) પેટા કલમ-(૩) હેઠળ આપવામાં આવેલી નોટિસમાં એવા નિવેદનનો પણ સમાવેશ કરવાનો રહેશે કે ત્રાહિત પક્ષ કે જેને નોટિસ આપવામાં આવી છે તે નિર્ણય સામે કલમ-૧૯ હેઠળ અપીલ કરી શકશે.

## <u>પ્રકરણ-૩</u>

### કેન્દ્રિય માહિતી પંચ

૧૨. (૧) કેન્દ્ર સરકાર અધિકૃત ગેઝેટમાં જાહેરનામુ બહાર પાડીને કેન્દ્રિય માહિતી પંચ તરીકે ઓળખાતી સંસ્થાની રચના અધિનિષ્ઠ સત્તાઓની અમલવારી માટે અને આ અધિનિયમ હેઠળ સોંપાયેલ કાર્યોની બજવણી માટે કરશે.

(૨) કેન્દ્રિય માહિતી પંચની રચના-(એ) મુખ્ય માહિતી પંચ (બી) જરૂરી હોય એટલી સંખ્યામાં પરંતુ ૧૦ કરતા વધુ નહિ તેટલા કેન્દ્રિય માહિતી પંચો.

(૩) મુખ્ય માહિતી પંચ અને માહિતી પંચની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા...

- વડાપ્રધાન કે જે સમિતિના અધ્યક્ષ રહેશે.
- લોકસભામાં વિરોધ પક્ષના નેતા.
- કેન્દ્રિય મંત્રી મંડળના મંત્રી કે જેની નિયુક્તિ વડાપ્રધાન દ્વારા કરવામાં આવશે તે ત્રણની બનેલી સમિતિની ભલામણ આધારિત કરવામાં આવશે.

ખુલાસો : શંકા દૂર કરવાના ઉદ્દેશ્યથી, આથી એવું જાહેર કરવામાં આવે છે કે જ્યાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે કોઈ માન્યતા આપવામાં આવી ન હોય ત્યાં સરકારના વિરોધ પક્ષે લોકસભામાં સૌથી મોટું સંખ્યાબળ ધરાવતા પક્ષના નેતાને વિરોધ પક્ષના નેતા તરીકે ગણવામાં આવશે.

(૪) કેન્દ્રિ જાહેર માહિતી પંચનું સામાન્ય નિરીક્ષણ નિર્દેશન અને સંચાલન, મુખ્ય માહિતી પંચમાં અધિનિષ્ઠ રહેશે કે જેની સહાયમાં માહિતી પંચો રહેશે અને તે એવી તમામ સત્તાઓ, તમામ કાર્યો અને બાબતો કે જે કેન્દ્રિય માહિતી પંચ દ્વારા આ અધિનિયમ હેઠળ અન્ય સત્તાધિકારીના નિર્દેશનને આધિન થયા વગર સ્વતંત્ર રીતે અમલવારી કરી શકાય તેવા તમામ અધિકારો ભોગવશે અને કાર્યો કરશે.

(૫) મુખ્ય માહિતી પંચ અને માહિતી પંચ જાહેર જીવનમાં નામના ધરાવતી અને કાયદા, વિજ્ઞાન, ટેકનોલોજી, સમાજ સેવા, સંચાલન, પત્રકારિત્વ, સામુહિક માધ્યમ કે વહીવટી અને સંચાલનમાં વિસ્તૃત જાણકારી ધરાવતા હોય તેવા હોવા જોઈએ.

(૬) મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ લોકસભા કે વિધાનસભા કે કેન્દ્રશાસિત પ્રદેશ જે હોય તેના સભ્ય હશે નહિ કે એવી કોઈ કચેરી કે રાજકીય પક્ષ સાથે સંકળાયેલી કોઈ કચેરીમાં હોદ્દો ધારણ કરશે નહિ કે કોઈ વ્યાપાર કે વ્યવસાયમાં જોડાઈ શકશે નહિ.

(૭) કેન્દ્રિય માહિતી પંચનું મુખ્ય મથક દિલ્હી ખાતે રહેશે અને કેન્દ્રિય માહિતી પંચ કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીથી ભારતભરમાં અલગ સ્થળોએ તેની કચેરીઓ ઉભી કરી શકશે.

૧૩. (૧) મુખ્ય માહિતી પંચ તેની કચેરીમાં દાખલ થાય તે તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે ઓફિસમાં રહેશે અને પુનઃ નિમણૂંક માટે પાત્ર બનશે નહિ.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, કોઈપણ માહિતી પંચ તે ૬૫ વર્ષની વય મર્યાદા પૂર્ણ કરે ત્યારબાદ કોઈ હોદ્દો ધારણ કરી શકશે નહિ.

(૨) દરેક માહિતી પંચ તે ઓફિસમાં દાખલ થાય ત્યારથી પાંચ વર્ષના સમયગાળા માટે કે ૬૫ વર્ષની વય મર્યાદા પૂરી કરે એ બેમાંથી જે વહેલું હોય તે સમય સુધી હોદ્દો ધારણ કરી શકશે અને આવા માહિતી અધિકારી તરીકે પુનઃ નિમણૂંક માટે પાત્ર બનશે નહિ.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, દરેક માહિતી પંચ પેટા નિયમની જોગવાઈ હેઠળ ઓફિસમાંથી મુક્ત થતા કલમ-૧૨ની પેટા કલમ-૩માં નિર્દિષ્ટ કર્યા મુજબ મુખ્ય માહિતી પંચ તરીકેની નિમણૂંક માટે

પાત્ર બનશે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જ્યાં માહિતી પંચની નિમણૂંક મુખ્ય માહિતી પંચ તરીકે કરવામાં આવી હોય ત્યાં તેના કાર્યકાળનો સમયગાળો કુલ્લે માહિતી પંચ અને મુખ્ય માહિતી પંચ સહિતનો પાંચ વર્ષથી વધુ સમયગાળાનો રહેશે નહિ.

(૩) મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તેની કચેરીમાં દાખલ થાય તે પહેલા રાષ્ટ્રપતિ કે તેમના દ્વારા તે સંદર્ભે નિમણૂંક કરવામાં આવેલ અન્ય વ્યક્તિ સમક્ષ પ્રથમ પરિશિષ્ટમાં આ હેતુ માટે નિર્દિષ્ટ કર્યા મુજબના નમૂનામાં સોગંદ લેશે.

(૪) મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ કોઈપણ સમયે તેના હસ્તે રાષ્ટ્રપતિશ્રીના હસ્તે લખેલા પત્રથી રાજીનામુ આપીને ઓફિસમાંથી છૂટા થઈ શકશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ કલમ-૧૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે દૂર કરી શકાશે.

(૫) ચુકવવાપાત્ર પગાર અને ભથ્થાઓ અને નોકરીની અન્ય શરતો અને જોગવાઈઓ,

(એ) મુખ્ય માહિતી પંચના કિસ્સામાં તે મુખ્ય ચૂંટણી પંચની સમકક્ષ રહેશે.

(બી) માહિતી પંચ ચૂંટણી પંચની સમકક્ષ રહેશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જો મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તેની નિમણૂંકના સમયે (શારીરિક પંગુતા કે ઘાવ સિવાયનું) પેન્શન, તેમની કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની અગાઉની નોકરી સંદર્ભમાં મેળવતા હોય તો તેમનો મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તરીકેનો પગાર, તે પેન્શનની, પેન્શનનો ભાગ કે જે કોમ્યુટ કરવામાં આવેલ હોય તે સહિતની રકમ અને નિવૃત્તિ, ગ્રેજ્યુઈટી સિવાયના પેન્શન અંગેના લાભો સમકક્ષની રકમ જેટલો ઘટાડો કરીને ચુકવવામાં આવશે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જો મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તેની નિમણૂંકના સમયે કેન્દ્ર કે રાજ્ય દ્વારા સ્થાપિત કોઈ નિગમ કે સરકારી કંપની જેની માલિકી અને નિયંત્રણ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારનો હોય તેમાં કરેલી સર્વિસ અંગે નિવૃત્તિ લાભ મેળવતો હોય, તેની મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તરીકેનો પગારમાંથી, નિવૃત્તિ લાભ સમકક્ષ પેન્શનની રકમ જેટલો ઘટાડો કરવામાં આવશે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, મુખ્ય માહિતી પંચ અને માહિતી પંચના પગાર, ભથ્થાં અને અને અન્ય નોકરીની શરતોમાં તેમની નિમણૂંક બાદ તેમને વિપરીત અસર થાય તે રીતે ફેરફાર કરવામાં આવશે નહિ.

(૬) કેન્દ્ર સરકાર મુખ્ય માહિતી પંચ અને માહિતી પંચને, તે આ અધિનિયમ હેઠળ કાર્યદક્ષ રીતે કામગીરી બજાવી શકે તે માટે જરૂરી હોય તેવા અધિકારીઓ અને કર્મચારી ગણ પૂરાં પાડશે અને અધિકારી અને કર્મચારી આ અધિનિયમના હેતુ માટે જેમની નિમણૂંક કરવામાં આવી છે તેમને ચુકવવા પાત્ર પગાર અને ભથ્થાંઓ તેમની નોકરીની શરતો નિર્દિષ્ટ કર્યા મુજબની રહેશે.

૧૪. (૧) પેટા કલમ-(૩)ની જોગવાઈને આધિન મુખ્ય માહિતી પંચ કે અન્ય માહિતી પંચો, પુરવાર થયેલી ગેરવર્તણૂંક કે અસમર્થતાના આધારે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલ સંદર્ભના અનુસંધાને કરવામાં આવેલ તપાસના આધારે સર્વોચ્ચ અદાલતે અભિપ્રાય કરેલ હોય કે મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચે આવા આધારે દૂર કરવા જોઈએ તો માત્ર રાષ્ટ્રપતિના હુકમથી દૂર કરી શકાશે.

(૨) રાષ્ટ્રપતિ, મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચને કે જેના સંબંધે પેટા કલમ-૧ હેઠળ સર્વોચ્ચ અદાલતને સંદર્ભ કરવામાં આવ્યો હોય તેમને આવા રેફરન્સ અંગે સર્વોચ્ચ અદાલતનો અહેવાલ મળતા રાષ્ટ્રપતિ અંતિમ હુકમ પસાર કરે ત્યાં સુધી ફરજ મોકુફ અને જરૂર જણાય તો કાર્યાલયમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ તપાસ દરમિયાન ફરમાવી શકે.

(૩) પેટા કલમ-(૧)માં ગમે તે મજકુર કર્યું હોય રાષ્ટ્રપતિ હુકમ દ્વારા મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચને તેના પદેથી દૂર કરી શકશે. જો મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ

(એ) નાદાર જાહેર થયો હોય

(બી) એવા ગુના સબબ કસુરવાર જાહેર થયેલ હોય કે જે રાષ્ટ્રપતિના મતે નૈતિક અધ:પતન ન હોય.

(સી) તેના કાર્યકાળ દરમિયાન અન્ય જગ્યાએ સવેતન નોકરીમાં જોડાય.

(ડી) રાષ્ટ્રપતિના મંતવ્ય અનુસાર શારિરીક કે બૌદ્ધિક ખામીના કારણે કાર્યાલયમાં ફરજ બજાવવા યોગ્ય ન હોય.

(ઈ) તેણે એવું નાણાંકીય કે અન્ય હિત મેળવ્યું હોય કે જે તેના મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તરીકેના કાર્યોમાં અવળી અસર પહોંચાડે તેમ હોય.

(૪) મુખ્ય માહિતી પંચ કે કોઈ માહિતી પંચ કોઈપણ રીતે ભારત સરકાર દ્વારા કે ભારત સરકારના નામે કરવામાં આવેલ એગ્રીમેન્ટ કે કરારમાં સંબંધિત કે રસ ધરાવતો હોય કે તેમાંથી થયેલા નફા કે કોઈ લાભ કે વેતનો મેળવવામાં ભાગીદાર થાય અને અન્ય સ્થાપિત કંપનીઓના સભ્યો સાથે ભાગીદારી કરે, તે પેટા કલમ-(૧)ના હેતુ માટે ગેરવર્તણૂંક માટે દોષિત ગણાશે.

## <u>પ્રકરણ-૪</u>

### રાજ્ય માહિતી પંચ

૧૫. (૧) દરેક રાજ્ય સરકાર ઓફિસીયલ ગેઝેટમાં જાહેરનામુ બહાર પાડીને રાજ્ય માહિતી પંચ તરીકે ઓળખાનારી સંસ્થાની સ્થાપના આ અધિનિયમ હેઠળ અધિનિષ્ઠ સત્તાઓની અમલવારી અને નક્કી કરેલા કાર્યોની બજવણી માટે કરશે.

(૨) રાજ્ય માહિતી પંચ નીચેનાનું બનશે.

(એ) રાજ્ય મુખ્ય માહિતી પંચ

(બી) જરૂરી હોય તેટલી સંખ્યામાં પરંતુ દસ કરતા વધુ નહીં તેટલા માહિતી પંચો.

(૩) રાજ્ય મુખ્ય માહિતી પંચ અને માહિતી પંચની નિમણૂંક રાજ્યપાલ દ્વારા...

- મુખ્ય પ્રધાન કે જે સમિતિના અધ્યક્ષ રહેશે.
- વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા.
- રાજ્ય મંત્રી મંડળના મંત્રી કે જેની નિયુક્તિ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવશે તે ત્રણની બનેલી સમિતિની ભલામણ આધારિત કરવામાં આવશે.

**ખુલાસો :** શંકાનું સમાધાન કરવાના ઉદ્દેશ્યથી, આથી એવું જાહેર કરવામાં આવે છે કે જ્યાં વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે કોઈ માન્યતા આપવામાં આવી ન હોય ત્યાં સરકારના વિરોધ પક્ષે વિધાનસભામાં સૌથી મોટું સંખ્યાબળ ધરાવતા પક્ષના નેતાને વિરોધ પક્ષના નેતા તરીકે ગણવામાં આવશે.

(૪) રાજ્ય જાહેર માહિતી પંચનું સામાન્ય નિરીક્ષણ નિર્દેશન અને સંચાલન, મુખ્ય માહિતી પંચમાં અધિનિષ્ઠ રહેશે કે જેની સહાયમાં માહિતી પંચો રહેશે અને તે એવી તમામ સત્તાઓ, તમામ કાર્યો અને બાબતો કે જે રાજ્ય માહિતી પંચ દ્વારા આ અધિનિયમ હેઠળ અન્ય સત્તાધિકારીના નિર્દેશનને આધિન થયા વગર સ્વતંત્ર રીતે અમલવારી કરી શકાય તેવા તમામ અધિકારો ભોગવશે અને કાર્યો કરશે.

(૫) રાજ્ય મુખ્ય માહિતી પંચ અને માહિતી પંચ જાહેર જીવનમાં નામના ધરાવતી અને કાયદા, વિજ્ઞાન, ટેકનોલોજી, સમાજ સેવા, સંચાલન, પત્રકારિત્વ, સામુહિક માધ્યમ કે વહીવટી અને સંચાલનમાં વિસ્તૃત જાણકારી ધરાવતા હોય તેવા હોવા જોઈએ.

(૬) રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ લોકસભા કે વિધાનસભા કે કેન્દ્રશાસિત પ્રદેશ જે હોય તેના સભ્ય હશે નહિ કે એવી કોઈ કચેરી કે રાજકીય પક્ષ સાથે સંકળાયેલી કોઈ કચેરીમાં હોદ્દો ધારણ કરશે નહિ કે કોઈ વ્યાપાર કે વ્યવસાયમાં જોડાઈ શકશે નહિ.

(૭) રાજ્ય મુખ્ય માહિતી પંચનું મુખ્ય મથક રાજ્યમાંનું એવું સ્થળ કે જે રાજ્ય સરકાર ઓફિસીયલ ગેઝેટમાં જાહેરનામુ બહાર પાડીને નક્કી કરે તે રહેશે અને રાજ્ય માહિતી પંચ રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી ભારતભરમાં અલગ સ્થળોએ તેની કચેરીઓ ઉભી કરી શકશે.

૧૬. (૧) રાજ્ય મુખ્ય માહિતી પંચ તેની કચેરીમાં દાખલ થાય તે તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે ઓફિસમાં રહેશે અને પુનઃ નિમણૂંક માટે પાત્ર બનશે નહિ.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, કોઈપણ રાજ્ય મુખ્ય માહિતી પંચ તે ૬૫ વર્ષની વય મર્યાદા પૂર્ણ કરે ત્યારબાદ કોઈ હોદ્દો ધારણ કરી શકશે નહિ.

(૨) દરેક માહિતી પંચ તે ઓફિસમાં દાખલ થાય ત્યારથી પાંચ વર્ષના સમયગાળા માટે કે ૬૫ વર્ષની વય મર્યાદા પૂરી કરે એ બેમાંથી જે વહેલું હોય તે સમય સુધી હોદ્દો ધારણ કરી શકશે અને આવા માહિતી અધિકારી તરીકે પુનઃ નિમણૂંક માટે પાત્ર બનશે નહિ.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, દરેક માહિતી પંચ પેટા નિયમની જોગવાઈ હેઠળ ઓફિસમાંથી મુક્ત થતા કલમ-૧૫ની પેટા કલમ-(૩)માં નિર્દિષ્ટ કર્યા મુજબ રાજ્ય મુખ્ય માહિતી પંચ તરીકેની નિમણૂંક માટે પાત્ર બનશે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જ્યાં રાજ્ય માહિતી પંચની નિમણૂંક રાજ્ય મુખ્ય માહિતી પંચ તરીકે કરવામાં આવી હોય ત્યાં તેના કાર્યકાળનો સમયગાળો કુલ્લે માહિતી પંચ અને રાજ્ય મુખ્ય માહિતી પંચ સહિતનો પાંચ વર્ષથી વધુ સમયગાળાનો રહેશે નહિ.

(૩) રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તેની કચેરીમાં દાખલ થાય તે પહેલા રાજ્યપાલ કે તેમના દ્વારા તે સંદર્ભે નિમણૂંક કરવામાં આવેલ અન્ય વ્યક્તિ સમક્ષ પ્રથમ પરિશિષ્ટમાં આ હેતુ માટે નિર્દિષ્ટ કર્યા મુજબના નમૂનામાં સોગંદ લેશે.

(૪) રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ કોઈપણ સમયે રાજ્યપાલને સંબોધીને તેના હસ્તાક્ષરમાં લખેલા પત્રથી રાજીનામુ પત્ર આપીને ઓફિસમાંથી છૂટા થઈ શકશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ કલમ-૧૭માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે દૂર કરી શકાશે.

(૫) ચુકવવાપાત્ર પગાર અને ભથ્થાઓ અને નોકરીની અન્ય શરતો અને જોગવાઈઓ,

(એ) રાજ્ય મુખ્ય માહિતી પંચના કિસ્સામાં તે ચૂંટણી પંચની સમકક્ષ રહેશે.

(બી) માહિતી પંચ, રાજ્ય સરકારના મુખ્ય સચિવની સમકક્ષ રહેશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જો રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તેની નિમણૂંકના સમયે (શારીરિક પંગુતા કે ઘાવ સિવાયનું) પેન્શન, તેમની કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની અગાઉની નોકરી સંદર્ભમાં મેળવતા હોય તો તેમનો રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તરીકેનો પગાર, તે પેન્શનની, પેન્શનનો ભાગ કે જે કોમ્યુટ કરવામાં આવેલ હોય તે સહિતની રકમ અને નિવૃત્તિ, ગ્રેજ્યુઈટી સિવાયના પેન્શન અંગેના લાભો સમકક્ષની રકમ જેટલો ઘટાડો કરીને ચુકવવામાં આવશે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જો રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તેની નિમણૂંકના સમયે કેન્દ્ર કે રાજ્ય દ્વારા સ્થાપિત કોઈ નિગમ કે સરકારી કંપની જેની માલિકી અને નિયંત્રણ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારનો હોય તેમાં કરેલી સર્વિસ અંગે નિવૃત્તિ લાભ મેળવતો હોય, તેની રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તરીકેનો પગારમાંથી, નિવૃત્તિ લાભ સમકક્ષ પેન્શનની રકમ જેટલો ઘટાડો કરવામાં આવશે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, રાજ્ય મુખ્ય માહિતી પંચ અને માહિતી પંચના પગાર, ભથ્થાં અને અને અન્ય નોકરીની શરતોમાં તેમની નિમણૂક બાદ તેમને વિપરીત અસર થાય તે રીતે ફેરફાર કરવામાં આવશે નહિ.

(૬) રાજ્ય સરકાર, રાજ્ય મુખ્ય માહિતી પંચ અને માહિતી પંચને, તે આ અધિનિયમ હેઠળ કાર્યદક્ષ રીતે કામગીરી બજાવી શકે તે માટે જરૂરી હોય તેવા અધિકારીઓ અને કર્મચારી ગણ પૂરાં પાડશે અને અધિકારી અને કર્મચારી આ અધિનિયમના હેતુ માટે જેમની નિમણૂંક કરવામાં આવી છે તેમને ચુકવવા પાત્ર પગાર અને ભથ્થાંઓ તેમની નોકરીની શરતો નિર્દિષ્ટ કર્યા મુજબની રહેશે.

૧૭. (૧) પેટા કલમ-(૩)ની જોગવાઈને આધિન રાજ્ય મુખ્ય માહિતી પંચ કે અન્ય માહિતી પંચો, પુરવાર થયેલી ગેરવર્તણૂંક કે અસમર્થતાના આધારે રાજ્યપાલ દ્વારા કરવામાં આવેલ સંદર્ભના અનુસંધાને કરવામાં આવેલ તપાસના આધારે સર્વોચ્ચ અદાલતે અભિપ્રાય કરેલ હોય કે રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચે આવા આધારે દૂર કરવા જોઈએ તો માત્ર રાજ્યપાલના હુકમથી દૂર કરી શકાશે.

(૨) રાજ્યપાલ, રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચને કે જેના સંબંધે પેટા કલમ-૧ હેઠળ સર્વોચ્ચ અદાલતને સંદર્ભ કરવામાં આવ્યો હોય તેમને આવા રેફરન્સ અંગે સર્વોચ્ચ અદાલતનો અહેવાલ મળતા રાજ્યપાલ અંતિમ હુકમ પસાર કરે ત્યાં સુધી ફરજ મોકુફ અને જરૂર જણાય તો કાર્યાલયમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ તપાસ દરમિયાન ફરમાવી શકે.

(૩) પેટા કલમ-(૧)માં ગમે તે મજકુર કર્યું હોય રાજ્યપાલના હુકમ દ્વારા રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચને તેના પદેથી દૂર કરી શકશે. જો રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ

(એ) નાદાર જાહેર થયો હોય

(બી) એવા ગુના સબબ કસુરવાર જાહેર થયેલ હોય કે જે રાજ્યપાલના મતે નૈતિક અધઃપતન હોય.

(સી) તેના કાર્યકાળ દરમિયાન અન્ય જગ્યાએ સવેતન નોકરીમાં જોડાય.

(ડી) રાજ્યપાલના મંતવ્ય અનુસાર શારિરીક કે બૌદ્ધિક ખામીના કારણે કાર્યાલયમાં ફરજ બજાવવા યોગ્ય ન હોય.

(ઈ) તેણે એવું નાણાંકીય કે અન્ય હિત મેળવ્યું હોય કે જે તેના રાજ્ય મુખ્ય માહિતી પંચ કે માહિતી પંચ તરીકેના કાર્યોમાં અવળી અસર પહોંચાડે તેમ હોય.

(૪) રાજ્ય મુખ્ય માહિતી પંચ કે કોઈ માહિતી પંચ કોઈપણ રીતે ભારત સરકાર દ્વારા કે ભારત સરકારના નામે કરવામાં આવેલ એગ્રીમેન્ટ કે કરારમાં સંબંધિત કે રસ ધરાવતો હોય કે તેમાંથી થયેલા નફા કે કોઈ લાભ કે વેતનો મેળવવામાં ભાગીદાર થાય અને અન્ય સ્થાપિત કંપનીઓના સભ્યો સાથે ભાગીદારી કરે, તે પેટા કલમ-(૧)ના હેતુ માટે ગેરવર્તણૂંક માટે દોષિત ગણાશે.

## <u>પ્રકરણ-૫</u>

### માહિતી પંચના અધિકાર અને કાર્યો, અપીલ અને દંડ

૧૮. (૧) આ અધિનિયમની જોગવાઈને આધિન કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તે, કોઈપણ વ્યક્તિ તરફથી મળેલ ફરિયાદ સ્વીકારવાની અને તેમાં તપાસ કરવાની તેમની જવાબદારી રહેશે,

(એ) કે જે વ્યક્તિ કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે બંધબેસતું હોય તેને આ અધિનિયમ હેઠળ આવા કોઈ અધિકારીની નિમણૂંક ન થઈ હોવાના કારણે કે કેન્દ્રિય નાયબ જાહેર માહિતી અધિકારી કે રાજ્ય નાયબ જાહેર માહિતી અધિકારી જે હોય તે એ તેની કે તેણીની માહિતી અંગેની અરજી કે આ અધિનિયમ હેઠળની અપીલ કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી કે કલમ-૧૯ની પેટા કલમ-(૧)માં નિર્દિષ્ટ વરિષ્ઠ અધિકારી કે કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તેને મોકલવા નકાર કર્યો હોવાને કારણે તેની અરજી રજૂ કરી ન શકી હોય.

(બી) આ અધિનિયમ હેઠળ માંગવામાં આવેલ કોઈ માહિતી જેને નકારવામાં આવી હોય તેવી વ્યક્તિ.

(સી) એવી વ્યક્તિ કે જેને આ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ સમય મર્યાદામાં માહિતી અંગેની વિનંતી અંગે જવાબ કે માહિતી પૂરી પાડવામાં ન આવી હોય તેવી વ્યક્તિ.

(ડી) તે કે તેણી ગેરવ્યાજબી ગણતી હોય તેવી ફીની રકમ જેને ચુકવવી પડી હોય તેવી વ્યક્તિ.

(ઈ) જે વ્યક્તિ એવું માનતી હોય કે તેને અગર તેણીને અધૂરી, ગેરમાર્ગે દોરનારી કે ખોટી માહિતી આ અધિનિયમ હેઠળ આપવામાં આવી છે.

(એફ) આ અધિનિયમ હેઠળ અન્ય કોઈ બાબતો કે જે દફતર મેળવવા કે માહિતી માંગવા સંબંધી બાબત સંબંધમાં હોય.

(૨) જ્યાં કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તેને સંતોષ થાય કે બાબતમાં તપાસ કરવા અંગેના વાજબી કારણો છે તો તે, તે બાબતો અંગે તપાસ કાર્યવાહી શરૂ કરી શકશે.

(૩) કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તે આ કલમ હેઠળ તપાસ કરતી વખતે નીચેની બાબતો સંબંધે દિવાની અદાલતમાં દિવાની દાવો ચલાવતી વખતે દિવાની પ્રક્રિયા કાયદો ૧૯૦૮થી જે સત્તાઓ અધિનિષ્ઠ કરવામાં આવેલી છે તે જ સત્તાઓ ધરાવશે. એટલે કે,-

(એ) કોઈ વ્યક્તિને હાજર રહેવાની, ફરજ પાડવાની અને સોગંદ ઉપર તપાસવાની.

(બી) દસ્તાવેજો અને અગત્યની વસ્તુઓ રજૂ કરવાની ફરજ પાડવાની.

(સી) સોગંદ ઉપર પુરાવો લેવાની.

(ડી) કોઈ અદાલત કે કચેરીમાંથી કોઈ જાહેર દસ્તાવેજ કે નકલો મંગાવવાની.

(ઈ) સાક્ષીઓ અને દસ્તાવેજો તપાસવા માટે સમન્સ કાઢવાની.

(એફ) ઠરાવવામાં આવે એવી બીજી બાબતો અંગેની.

(૪) સંસદના કે રાજ્ય વિધાનસભાના અન્ય કોઈ અધિનિયમમાં ગમે તે વિપરીત રીતે દર્શાવ્યું હોય, કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ આ અધિનિયમ હેઠળ ફરિયાદની તપાસ કરતી વખતે આ અધિનિયમ જ્યાં લાગુ પડતો હોય, જે જાહેર સત્તાધિકારીના નિયંત્રણ હેઠળ હોય, કોઈપણ રેકર્ડ ચકાસી શકશે અને આવો કોઈ રેકર્ડ કોઈપણ કારણોસર અટકાવી રાખી શકાશે નહિ.

૧૯. (૧) કોઈ વ્યક્તિ કે જેને કલમ-૭ની પેટા કલમ-(૩)ની જોગવાઈ (એ) કે કલમ-૧માં નિર્દિષ્ટ સમય મર્યાદામાં ચુકાદો ન મળે, કે તે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારીના ચુકાદાથી વ્યથિત હોય તે આવો સમયગાળો પૂરો થયાના ૩૦ દિવસમાં કે નિર્ણય મળ્યાના ૩૦ દિવસમાં એવા અધિકારી કે જે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે બંધબેસતું હોય તે કરતા વરિષ્ઠ હોય તેવી કક્ષાના જાહેર સત્તાધિકારી સમક્ષ અપીલ દાખલ કરી શકશે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, આવા અધિકારીને એવી ખાતરી થાય કે એપેલન્ટને અપીલ દાખલ કરતો પૂરતા કારણથી રોકવામાં આવ્યો છે તો ૩૦ દિવસની સમય મર્યાદા બાદ પણ અપીલ દાખલ કરી શકશે.

(૨) જ્યાં કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે બંધબેસતું હોય તેના હુકમ સામે અપીલ કલમ-૧૧ હેઠળ ત્રાહિત પક્ષની માહિતી રજૂ કરવા માટે, રજૂ કરવામાં આવી હોય. આવી ત્રાહિત વ્યક્તિ દ્વારા અપીલ હુકમની તારીખથી ૩૦ દિવસમાં દાખલ કરવાની રહેશે.

(૩) પેટા કલમ-૧ હેઠળના નિર્ણય સામેની બીજી અપીલ કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચને નિર્ણય થયા તારીખ કે ખરેખર મળ્યા તારીખના ૯૦ દિવસમાં કરી શકાશે.

**ખુલાસોઃ** એવી જોગવાઈ કરવામાં આવે છે કે કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તે, આવો ૯૦ દિવસનો સમયગાળો પૂર્ણ થયા બાદ જો તેને સંતોષ થાય કે એપેલન્ટને યોગ્ય કારણસર અપીલ દાખલ કરતો અટકાવવામાં આવ્યો હતો તો, અપીલ દાખલ કરી શકશે.

(૪) જો કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે બંધબેસતું હોય કે જેના હુકમ સામે અપીલ રજૂ કરવામાં આવી છે અને તે ત્રાહિત પક્ષ સંબંધિત હોય તો કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તે ત્રાહિત પક્ષને સુનાવણીની વાજબી તકો આપશે.

(૫) કોઈપણ અપીલ કાર્યવાહીમાં વિનંતી નકારવાનું વાજબી હતું એવું પુરવાર કરવાની જવાબદારી નકરામણી કરનાર ઉપર રહેશે.

(૬) પેટા કલમ-૧ કે પેટા કલમ-૨ હેઠળ રજૂ કરવામાં આવેલી અપીલ, અપીલ મળ્યાના ૩૦ દિવસમાં કે આવા વધારાયેલા સમયગાળામાં કે જે અપીલ દાખલ કર્યાના કુલ ૪૫ દિવસથી વધે નહિ તે સમયગાળામાં નિકાલ કરવાનો રહેશે.

(૭) કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તેનો નિર્ણય બંધનકર્તા રહેશે.

(૮) કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચને તેનો નિર્ણય કરવામાં અધિકાર છે..

(એ) જાહેર સત્તાધિકારીને એવા કોઈ પગલાં ભરવાનો આદેશ કે જે આ અધિનિયમ હેઠળની જોગવાઈઓના પાલન માટે આવશ્યક હોય.

- જો ચોક્કસ પત્રકમાં માંગણી કરવામાં આવી હોય તો માહિતી પૂરી પાડીને.
- જરૂરિયાત મુજબ કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી નિયુક્ત કરીને.
- કેટલીક માહિતી કે કેટલીક કક્ષાઓની માહિતી પ્રકાશિત કરીને.
- દફતરની જાળવણી, સંચાલન અને વિના સંબંધમાં જરૂરી વ્યવહારુ બદલાવ લાવીને.
- તેના અધિકારીઓ માટે માહિતીના અધિકાર અંગે તાલીમની જોગવાઈમાં બદલાવ લાવીને.
- કલમ-૪ની પેટા કલમ-(૧)ની જોગવાઈ-બીના અમલીકરણમાં વાર્ષિક અહેવાલ પૂરો પાડીને.

(બી) ફરિયાદીએ ભોગવવું પડેલ કોઈ નુકસાન કે અન્ય ગંભીર સહન કરવું પડયું હોય તે બદલ વળતર આપવા બાબતે.

(સી) આ અધિનિયમ હેઠળ જોગવાઈ કરવામાં આવ્યા મુજબ કોઈ દંડ કરવા બાબતે.

(ડી) અરજી રદ કરવા બાબતે.

(૯) કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તેના નિર્ણયની કે અપીલના હક્ક અંગેની માહિતી સહિતની સૂચના ફરિયાદીને તથા જાહેર સત્તાધિકારીને આપશે.

(૧૦) કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તે નિર્દિષ્ટ કરવામાં આવેલી પ્રક્રિયા મુજબ અપીલોનો નિકાલ કરશે.

૨૦. (૧) જ્યારે કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે બંધબેસતું હોય તે ફરિયાદ કે અપીલનો નિકાલ કરતી વખતે એવા મતના થાય કે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે લાગુ પડતું હોય તે એ કોઈપણ વાજબી કારણો વગર માહિતી માટે અરજી સ્વીકારવાનું નકાર્યું છે કે કલમ-૭ની પેટા કલમ-(૧) હેઠળ નિર્દિષ્ટ સમય મર્યાદામાં માહિતી પૂરી પાડી નથી કે બદ ઈરાદાથી માહિતી અંગેની વિનંતી નકારી છે કે જાણવા છતાં ખોટી, અધૂરી કે ગેરમાર્ગે દોરનારી કે નષ્ટ કરેલી માહિતી કે જે અરજીનો વિષય હતો કે માહિતી પૂરી પાડવામાં કોઈપણ રીતે અડચણ ઉભી કરવામાં આવી છે, તે પ્રતિ દિન રૂપિયા ૨૫૦/- લેખે અરજી સ્વીકારાય કે માહિતી પૂરી પડાય ત્યાં સુધી દંડ કરશે. તેમ છતાં આવા દંડની કુલ રકમ રૂપિયા ૨૫,૦૦૦/-થી વધશે નહિ.

**જોગવાઈ:** એવી જોગવાઈ કરવામાં આવે છે કે, કેન્દ્રિય જાહેર અધિકારી કે જાહેર માહિતી અધિકારી જે હોય તેને તેના ઉપર કોઈપણ દંડની જોગવાઈ લાગુ કરતા પહેલા સુનાવણીની વાજબી તક આપવામાં આવશે.

વધુમાં, જોગવાઈ કરવામાં આવે છે કે, તેણે વાજબી રીતે અને શુદ્ધબુદ્ધિપૂર્વક વર્તન કર્યું હતું તેવું પુરવાર કરવાની જવાબદારી કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારીની રહેશે.

(૨) જ્યારે કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે હોય તે કોઈ ફરિયાદ કે અપીલ અંગે નિર્ણય કરતી વખતે એવા મંતવ્યની થાય કે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તે કોઈપણ વાજબી કારણ વગર અને અવિરત રીતે માહિતી માટેની અરજી સ્વીકારવામાં નિષ્ફળ ગયા છે કે કલમ-૭ની પેટા કલમ-(૧) હેઠળ નિર્દિષ્ટ કરેલ સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ ગયા છે કે બદઈરાદાપૂર્વક માહિતી અંગેની વિનંતી નકારી છે કે જાણવા છતાં ખોટી, અધૂરી કે ગેરમાર્ગે દોરનારી માહિતી આપેલ છે કે માહિતીનો કે જે વિનંતીનો વિષય હતો તેનો નાશ કરેલ છે કે કોઈ માહિતી રજૂ કરવામાં અડચણ પેદા કરેલ છે તો તે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તેને લાગુ પડતા નોકરીના નિયમો હેઠળ શિસ્તભંગના પગલાંઓ લેવા અંગે ભલામણ કરશે.

## <u>પ્રકરણ-૬</u>

### પરચુરણ

૨૧. કોઈ વ્યક્તિ સામે કંઈ પણ પગલું કે જે વિશ્વાસમાં લેવાયેલું હોય કે આ અધિનિયમ હેઠળ કે તે હેઠળ બનાવેલા કોઈ નિયમો હેઠળના ઈરાદે લેવાયેલ હોય તે સામે કોઈ દાવો ફોજદારી કામ કે અન્ય કાનુની કાર્યવાહી ટકી શકશે નહિ.

૨૨. આ અધિનિયમની જોગવાઈઓ, ઓફિસીયલ સીક્રેટ અધિનિયમ-૧૯૨૩ અને તથા સમય અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં કે કોઈપણ દસ્તાવેજો કે જેને અન્ય કોઈ કાયદાનો, આ કાયદા સિવાયના કાયદાનું પીઠબળ હોય તેમાં દર્શાવેલી જોગવાઈઓ અસંગત હોય આ કાયદાની જોગવાઈઓ અસરકારક રહેશે.

૨૩. આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલ કોઈપણ હુકમ સામે કોઈપણ અદાલત, કોઈપણ દાવો અરજી કે અન્ય પ્રક્રિયા હાથ ધરશે નહિ અને આ અધિનિયમ હેઠળ અપીલ સિવાય અન્ય રીતે, પસાર કરવામાં આવેલ કોઈપણ હુકમ અંગે સવાલ ઉઠાવી શકાશે નહિ.

૨૪. (૧) આ અધિનિયમમાં જણાવેલ કંઈપણ બીજા પરિશિષ્ટમાં કેન્દ્ર સરકાર દ્વારા સ્થપાયેલ સતર્કતા અને સુરક્ષા વિભાગ કે આવા સંસ્થાનો દ્વારા સરકારને રજૂ કરવામાં આવેલ કોઈ માહિતી સામે લાગુ પડશે નહિ.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, આ પેટા કલમ હેઠળ ભ્રષ્ટાચાર અને માનવ અધિકારના ભંગ અંગેના કૃત્યોને લગતી માહિતી બાકાત કરી શકાશે નહિ.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જો માંગવામાં આવેલ માહિતી માનવ અધિકારના હનન સંબંધમાં હોય તો માહિતી માત્ર કેન્દ્ર માહિતી પંચની મંજૂરી બાદ જ પૂરી પાડવામાં આવશે અને

કલમ-૭માં ગમે તે મજકુર કર્યું હોય આવી માહિતી વિનંતી મળ્યાના ૪૫ દિવસમાં પૂરી પાડવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર ઓફિશીયલ ગેઝેટમાં જાહેરનામા દ્વારા અન્ય તકેદારી કે સુરક્ષા સંસ્થાનો કે જે સરકાર દ્વારા સ્થાપવામાં આવેલ હોય તેનો પરિશિષ્ટમાં ઉમેરો કે ઘટાડો કરી શકશે અને આવા જાહેરનામા પ્રસિદ્ધ થયે આવી સંસ્થા સમાવિષ્ટ કરાયેલી કે પરિશિષ્ટમાંથી રદ કરાયેલી ગણાશે.

(૩) પેટા કલમ-૨ હેઠળ બહાર પાડવામાં આવેલ કોઈપણ જાહેરનામુ સંસદમાં દરેક ગૃહમાં મુકવામાં આવશે.

(૪) એવી તકેદારી અને સુરક્ષા સંસ્થાઓને આ અધિનિયમમાં જણાવેલું કંઈપણ લાગુ પડશે નહિ કે જે સંસ્થાઓ રાજ્ય સરકાર દ્વારા સ્થપાયેલી હોય અને સરકાર વખતોવખત જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરે તો.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, ભ્રષ્ટાચારના આક્ષેપોને લગતી માહિતી આ પેટા કલમ હેઠળ બાકાત કરાશે નહિ.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે, જો માંગવામાં આવેલ માહિતી માનવ અધિકારના ભંગ સંબંધી હોય તો માહિતી રાજ્ય માહિતી પંચની મંજૂરી બાદ માત્ર જ પુરી પાડવામાં આવશે અને કલમ-૭માં ગમે તે મજકુર કર્યું હોય આવી માહિતી વિનંતી મળ્યાના ૪૫ દિવસમાં પૂરી પાડવામાં આવશે.

(૫) પેટા કલમ-૪ હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામુ વિધાનસભામાં મુકવામાં આવશે.

૨૫. (૧) કેન્દ્રિય માહિતી ,પંચ કે રાજ્ય માહિતી પંચ જે હોય તે દરેક વર્ષાન્તે શક્ય હોય તેટલું વહેલું વર્ષ દરમિયાન આ અધિનિયમની જોગવાઈના અમલીકરણ સંબંધમાં અહેવાલ તૈયાર કરશે અને તેની એક નકલ સમુચિત સરકારને મોકલી આપશે.

(૨) દરેક મંત્રાલય કે વિભાગ તેમની હકુમત હેઠળની જાહેર સત્તાધિકારીના સંબંધમાં કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચને આ વિભાગ હેઠળ અહેવાલ તૈયાર કરવા માટે જરૂરી હોય તે એકત્રિત કરશે અને પૂરી પાડશે અને આ હેતુ માટે દસ્તાવેજ અને માહિતી રજૂ કરશે.

(૩) દરેક અહેવાલ કે અહેવાલ જે વર્ષ સંબંધમાં હોય,-

(એ) દરેક જાહેર સત્તાધિકારીને કરવામાં આવેલ અરજીની સંખ્યા.

(બી) નિર્ણયોની સંખ્યા કે જ્યાં અરજદારો વિનંતીના અનુસંધાને આ અધિનિયમની જોગવાઈ હેઠળ કે જે અન્વયે નિર્ણયો લેવાયા હતા અને સંખ્યાબંધ વખત આ જોગવાઈ અમલમાં મુકવામાં આવી હતી.

(સી) કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચને પુનઃ વિચારણા માટે અપીલનો પ્રકાર અને અપીલના નિષ્કર્ષ અંગે રજૂ કરવા અંગે.

(ડી) આ અધિનિયમના અમલીકરણમાં કોઈ અધિકારી સામે વહીવટ સંબંધે કોઈ શિસ્ત ભંગના પગલાં લીધા હોય તેની વિગત.

(ઈ) આ અધિનિયમ હેઠળ જાહેર સત્તાધિકારી દ્વારા એકત્રિક કરવામાં આવેલ રકમ.

(એફ) એવી કોઈ હકીકત કે જે આ અધિનિયમનો હેતુ અને ઈરદો અમલમાં મુકવા માટે જાહેર સત્તાધિકારીના પગલાં તરીકે સૂચન થાય તેવી કોઈ હકીકત.

(જી) સુધારા અંગેની ભલામણો. ખાસ કરીને, ચોક્કસ જાહેર સત્તાધિકારી સંબંધમાં ભલામણો. જેમકે,- વિકાસ, સુધારા, આધુનિકરણ, સુધારા કે સુધારાઓ માટે આ અધિનિયમ કે અન્ય કાયદાઓ કે સામાન્ય નિયમો કે માહિતીનો અધિકાર અમલમાં લાવવા સંબંધિત અન્ય કોઈ સંયુક્ત કાનુન કે બાબતો અંગે.

(૪) કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર જે હોય તે વ્યવહારુ રીતે શક્ય હોય તેટલું વહેલું વર્ષાન્તે કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે હોય તે અહેવાલ દરેક ગૃહમાં મુકશે. જ્યાં બે ગૃહો હોય ત્યાં અને જ્યાં એક ધારાગૃહ હોય ત્યાં મુકશે.

(૫) એવું લાગે છે કે કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે હોય તે તેના કાર્યોના અસ્તિત્વ સંબંધમાં જાહેર સત્તાધિકારીનો વ્યવહાર અધિનિયમના સંવેદનશીલતાના જોગવાઈઓને માન્ય કરતા નથી તેના મંતવ્યો મુજબ કયા પગલાં લેવાવા જોઈએ તે અંગેની ભલામણો સત્તાધિકારીને આપશે.

૨૬. (૧) સમુચિત સરકાર નાણાંકીય અને અન્ય સંસાધનોની ઉપલબ્ધિને આધારે,-

(એ) જાહેર જનતાની ખાસ કરીને પછાત જાતિઓની સમજ વિકસાવવા, આ અધિનિયમ હેઠળ પ્રાપ્ત અધિકારો કઈ રીતે ભોગવી શકાય તે અંગે શૈક્ષણિક કાર્યક્રમો વિકાસ કરવા અને આયોજિત કરવા.

(બી) જોગવાઈ-(એ)માં સંદર્ભિત વિકાસ અને આયોજનમાં જાહેર સત્તાધિકારીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરવા અને જાતે આવા કાર્યક્રમોનું આયોજન કરવું.

(સી) જાહેર સત્તાધિકારી દ્વારા તેમની પ્રવૃત્તિ અંગે ચોક્કસ માહિતીનો અસરકારક અને સમયસર પ્રચાર અને પ્રસાર વધારવો.

(ડી) જાહેર સત્તાધિકારીના કેન્દ્રિય જાહેર માહિતી અધિકારીઓ કે રાજ્ય જાહેર માહિતી અધિકારીઓ જે હોય તેને તાલીમ આપવી અને સંબંધિત તાલીમ, માહિતી જાહેર સત્તાધિકારીએ જાતે ઉપયોગ કરવાની તૈયાર કરવી.

(૨) સમુચિત સરકાર આ અધિનિયમની શરૂઆતના ૧૮ માસમાં તેની નિયમિત ભાષામાં એવી માહિતી, સરળ સમગ્રલક્ષી સ્વરૂપે અને રીતે વ્યક્તિ કે જે આ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ અધિકારો ભોગવવા ઈચ્છતો હોય તેને વાજબી રીતે જરૂરી એવી માહિતી સંકલિત કરશે.

(૩) સમુચિત સરકાર જો જરૂર જણાય તો પેટા કલમ-(૨)માં સંદર્ભિત માર્ગદર્શિકા નિયમિત સમયાંતરે તાજી કરશે અને પ્રકાશિત કરશે કે જેમાં ખાસ કરીને, અને પેટા કલમ-(૨)ની સામાન્યતાને પૂર્વગ્રહિત કર્યા વિના સમાવિષ્ટ કરશે.

(એ) આ અધિનિયમના ઉદ્દેશો

(બી) ટપાલ અને સ્થાનિક સરનામુ, ફોન અને ફેક્સ નંબર અને જો ઉપલબ્ધ હોય તો કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તેની નિમણૂંક કલમ-પની પેટા કલમ-(૧) હેઠળ જાહેર સત્તાધિકારી દ્વારા કરવામાં આવી હોય.

(સી) કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારી જે હોય તેમની સમક્ષ માહિતી મેળવવા માટે કરવાની અરજીની રીત અને સ્વરૂપ.

(ડી) આ અધિનિયમ હેઠળ જાહેર સત્તાધિકારીના કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજ્ય જાહેર માહિતી અધિકારીની ફરજો અને તેમના તરફથી ઉપલબ્ધ સહાય.

(ઈ) કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ જે હોય તેમના તરફથી ઉપલબ્ધ સહાય.

(એફ) આ અધિનિયમ હેઠળ પંચ સમક્ષ અપીલ દાખલ કરવાની પ્રક્રિયા સહિતના કૃત્યો કે નિષ્ફળતાઓ સંબંધમાં લાદવામાં આવેલ હક્ક કે ફરજ સંબંધમાં કાયદાકીય રીતે ઉપલબ્ધ ઉપાયોની વિગત.

(જી) કલમ-૪ના અનુસંધાને કેટલીક કક્ષાઓના દફતરની સ્વૈચ્છિક જાહેરાત માટે જોગવાઈ કરવા અંગે.

(એચ) માહિતી મેળવવા માટે કરવાની અરજી સંબંધમાં ચુકવવાની થતી ફી સંબંધમાં સૂચના અંગે.

(આઈ) કોઈ વધારાના નિયમો કે પરિપત્રો કે જે આ અધિનિયમ હેઠળ માહિતી મેળવવા સંબંધમાં કરવામાં આવ્યો હોય કે બહાર પાડવામાં આવ્યો હોય.

(૪) જો જરૂરી હોય તો સમુચિત સરકારે માર્ગદર્શક નીતિ નિયમિત સમયાંતરે તાજી કરવી જોઈએ અને બહાર પ્રકાશિત કરવી જોઈએ.

૨૭. (૧) કેન્દ્ર સરકાર આ અધિનિયમના જોગવાઈની અમલવારી માટે ઓફિસીયલ ગેઝેટમાં જાહેરનામા દ્વારા નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને ઉપરોક્ત અધિકારોની સામાન્યતાને પૂર્વગ્રહિત કર્યા વગર આવા નિયમો નીચેનામાંથી તમામ કે કોઈ બાબત અંગે જોગવાઈ કરી શકશે.

(એ) કલમ-૪ની પેટા કલમ-(૪) હેઠળ પ્રચાર કે પ્રસાર અંગેની સામગ્રીની પડતર કિંમત કે માધ્યમની કિંમત.

(બી) કલમ-૬ની પેટા કલમ-(૧) હેઠળ ચુકવવાપાત્ર ફી.

(સી) કલમ-૭ની પેટા કલમ-(૧) અને (૫) હેઠળ ચુકવવાપાત્ર ફી.

(ડી) કલમ-૧૬ની પેટા કલમ-(૬) અને કલમ-૧૩ની પેટા કલમ-(૭) હેઠળ અધિકારીઓ અને અન્ય કર્મચારીઓની નોકરીની શરતો અને ચુકવવાપાત્ર પગાર અને ભથ્થાં બાબતે.

(ઈ) કલમ-૧૯ની પેટા કલમ-૧૦ હેઠળ અપીલ અંગે નિર્ણય કરતી વખતે કેન્દ્ર માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચે અનુસારવાની પ્રક્રિયા.

(એફ) અન્ય કોઈ બાબત કે જે જરૂરી છે કે જરૂરી હોય શકે તે નિર્દેશિત કરવામાં આવે.

૨૮. (૧) સક્ષમ સત્તાધિકારી ઓફિસીયલ ગેઝેટમાં જાહેરનામુ બહાર પાડીને આ અધિનિયમની જોગવાઈની અમલવારી માટે નિયમો બનાવી શકશે.

(૨) ખાસ કરીને અને ઉપરોક્ત અધિકારોની સામાન્યતાને પૂર્વગ્રહિત કર્યા સિવાય આવા નિયમોમાં નીચેના તમામ કે તેમાંથી કોઈ બાબત અંગે પ્રાવધાન કરી શકાય.

(એ) કલમ-૪ની પેટા કલમ-(૪) હેઠળ પ્રચાર કે પ્રસાર અંગેની સામગ્રીની પડતર કિંમત કે માધ્યમની કિંમત.

(બી) કલમ-૬ની પેટા કલમ-(૧) હેઠળ ચુકવવાપાત્ર ફી.

(સી) કલમ-૭ની પેટા કલમ-(૧) હેઠળ ચુકવવાપાત્ર ફી.

(ડી) અન્ય કોઈ બાબત કે જે જરૂરી છે કે જરૂરી હોય શકે તે નિર્દેશિત કરવામાં આવે.

૨૯. (૧) આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ દરેક નિયમ, તે ઘડવામાં આવે કે તરત જ, સંસદના દરેક ગૃહોમાં ચાલુ સત્રમાં હોય ત્યારે રજૂ કરવામાં આવશે અને કુલ ૩૦ દિવસના સમયગાળામાં જે એક સત્ર કે બે કે બેથી વધારે સતત સત્રનો બનેલ હોય અને જો સત્રાવસાન પહેલા તરત જ ઉપર જણાવેલ પછીના કે સતત સત્રના બંને ગૃહો કોઈ નિયમમાં ફેરફાર કરવા સહમત થાય કે બંને ગૃહો સહમત થાય કે નિયમ ઘડવો ન જોઈએ, ત્યારબાદ નિયમ માત્ર આવા સુધારેલ સ્વરૂપે જ અમલી બનશે કે જે નિર્ણય હોય તે મુજબ બીન અસરકારક બનશે તેથી તેમ છતાં આવો સુધારો કે રદબાતલનો નિર્ણય, તે નિયમ હેઠળ અગાઉ જે કંઈ કરવામાં આવ્યું હોય તેને પૂર્વગ્રહિત કરશે નહિ.

(૨) રાજ્ય સરકાર દ્વારા આ અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલ કોઈપણ નિયમ તે જાહેરનામાથી પ્રસિદ્ધ થાય કે તરત જ રાજ્ય વિધાનસભામાં મુકવાના રહેશે.

૩૦. (૧) આ અધિનિયમની જોગવાઈને અમલમાં મુકવામાં કોઈ મુશ્કેલી ઉભી થાય તો કેન્દ્ર સરકાર ઓફિસીયલ ગેઝેટમાં હુકમ પ્રસિદ્ધ કરીને આ અધિનિયમની જોગવાઈઓ સાથે વિસંગત ન હોય તેવી જોગવાઈઓ અને મુશ્કેલીઓ દૂર કરવા અંગે તેમને જરૂરી જણાય તેવી બાબતો કરી શકશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, આ અધિનિયમની શરૂઆતના બે વર્ષ બાદ આવો કોઈ હુકમ પસાર કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરવામાં આવેલ દરેક હુકમ તે કરવામાં આવે કે તરત જ સંસદના દરેક ગૃહો સમક્ષ મુકવાના રહેશે.

૩૧. માહિતી સ્વાતંત્ર અધિનિયમ-૨૦૦૨ આથી રદ કરવામાં આવે છે.

c/o જનપથ : બી-૩ સહજાનંદ ટાવર, વેજલપુર રોડ, જીવરાજપાર્ક, અમદાવાદ - ૩૮૦ ૦૫૧
ફોન : (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩, ફેક્સ : ૨૬૮૨ ૦૭૧૯ Email : janpath1ad1@wilnetonline.net, janpath1ad1@sancharnet.in

## <u>પરિશિષ્ટ-૧</u>

(જુઓ કલમ-૧૩ની પેટા કલમ-૩)

**<u>મુખ્ય માહિતી પંચ, માહિતી નિયામક, રાજ્ય મુખ્ય માહિતી નિયામક કે રાજ્ય માહિતી નિયામકે લેવાના સોગંદ અંગેનું પત્રક.</u>**

હું ................................... મારી નિમણૂંક મુખ્ય માહિતી નિયામક / માહિતી નિયામક / રાજ્ય મુખ્ય માહિતી નિયામક / રાજ્ય માહિતી નિયામક તરીકે થતા ભગવાનના નામે જાહેર કરું છું કે હું ભારતના બંધારણથી અને કાયદાથી સ્થાપિત સાચા વિશ્વાસથી જાહેર કરું છું કે, હું ભારતની એકતા અને સાર્વભૌમતા બનાવી રાખીશ અને હું મારી શક્તિ જાણકારી નિર્ણય મુજબ પ્રમાણિકતાપૂર્વક મારી ફરજો બજાવીશ અને તે પણ કોઈપણ જાતના ભય કે પક્ષપાત વગર લાગણી કે દુર્લાગણી વગર અને આમ હું બંધારણને માન આપીશ અને જાળવી રાખીશ.

## <u>પરિશિષ્ટ-૨</u>

(જુઓ કલમ-૨૧)

**કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત તકેદારી અને સુરક્ષા વ્યવસ્થા**

૧. તકેદારી પંચ
૨. મંત્રી મંડળ સચિવાલયની સંશોધન અને પૃથક્કરણ શાખા.
૩. મહેસુલી તકેદારી નિર્દેશાલય.
૪. કેન્દ્રિય આર્થિક બૌદ્ધિક પંચ.
૫. દરોડા વિભાગ.
૬. નારકોટીક્સ નિયંત્રણ બ્યુરો.
૭. અવકાશી સંશોધન કેન્દ્ર.
૮. ખાસ સરહદીય દળ.
૯. સરહદ સુરક્ષા દળ.
૧૦. કેન્દ્રિય અનામત પોલીસ દળ.
૧૧. ભારત તિબેટ સરહદી પોલીસ.
૧૨. કેન્દ્રિય ઔદ્યોગિક સુરક્ષા દળ.
૧૩. રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ.
૧૪. આસામ રાઈફલ.
૧૫. ખાસ સેવા પંચ.
૧૬. ખાસ શાખા (ગુનાશોધક વિભાગ) આંદામાન અને નિકોબાર.
૧૭. ગુના શાખા - ગુનાશોધક વિભાગ - ફોજદારી શાખા, દાદરા અને નગર હવેલી.
૧૮. ખાસ શાખા - લક્ષ્યદ્વીપ પોલીસ.

•••••